ક્રમાંક : ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/**જા.૬૮/૬૧**

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૧૯/૦૨/૨૦૦૯

# જા હે ર  પ રિ પ ત્ર

વિષય: કેન્દ્રીય વેચાણવેરા (રજીસ્ટ્રેશન અને ટર્નઓવર)નિયમો,૧૯૫૭ ના નિયમ-૧૨(૭) મુજબ રજુ કરવાનાં થતાં Form ‘C’, ‘E-1’, ‘E-2’ અને ‘F’ બાબત.

કેન્દ્રીય વેચાણવેરા (રજીસ્ટ્રેશન અને ટર્નઓવર) નિયમો,૧૯૫૭ ના નિયમ-૧૨ ના પેટા નિયમ-(૭) ની જોગવાઇ મુજબ આંતરરાજય વ્યવહારો અંગે રજુ કરવાના થતાં ધારાકીય Form ‘C’, ‘E-1’, ‘E-2’ અને ‘F’ વેપારીએ સબંધિત ટેક્ષ પીરીયડ પૂરો થયા પછીના ત્રણ માસમાં સબંધિત ઘટક કચેરીમાં રજુ કરવાનાં થાય છે.  વર્ષ ૨૦૦૬-૦૭ ના વ્યવહારો માટે આવા ફોર્મ રજુ કરવા માટે વધુ સમય આપવા વેપારીઓ તેમજ વેપારી સંગઠનો દ્વારા રજુઆત કરવામાં આવે છે.

આ અંગેના સમગ્ર કારણોની પુખ્ત વિચારણાના અંતે વેપારીઓને ધારાકીય ફોર્મ્સ રજુ કરવાની હાલની જોગવાઇઓમાં નીચે પ્રમાણે છુટછાટ આપવામાં આવે છે.

(૧) આ સૂચનાઓ જે વેપારીઓને ૨૦૦૬-૦૭ ના વર્ષ માટે ઓડિટ એસેસમેન્ટ માટે નોટિસ આપવામાં આવેલ નથી તેવા વેપારીઓને જ લાગુ પડશે.

(૨) આવા વેપારીઓએ તેમના દ્વારા મેળવેલ ધારાકીય ફોર્મ્સની યાદી સામેલ નમુના મુજબ સબંધિત ઘટક કચેરીમાં તા.૧૬.૩.૨૦૦૯ સુધીમાં રજુ કરવાની રહેશે.

(૩) આ યાદી અને તેમાં લખેલ વિગતો અધિકૃત વ્યક્તિની સહીથી રજુ કરવાની રહેશે.

(૪) વેપારીએ કરેલ વ્યવહારો પૈકી જે વ્યવહારોના ફોર્મ્સ તેમના દ્વારા મેળવેલ નથી તેવા વ્યવહારો પરત્વે ભરવાનો વેરો તેમજ વ્યવહારની મૂળ તારીખથી ભરવાનું થતું વ્યાજ વેપારીએ બેંકમાં જમા કરાવી ચલણ સાથે રજુ કરવાનું રહેશે.

(૫) જે વેપારીઓ આ સમય મર્યાદામાં આ યાદી રજુ કરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસે આવા ધારાકીય ફોર્મ ઉપલબ્ધ નથી તેમ માની કાયદાકીય જોગવાઇઓ મુજબ વેરો, વ્યાજ અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬) વેપારીએ રજુ કરેલ યાદી મુજબના ફોર્મ સક્ષમ અધિકારી દ્વારા જયારે પણ રજુ કરવાનું જણાવવામાં આવે ત્યારે દિન-૭ માં રજુ કરવાના રહેશે. વેપારી તેમ કરવામાં નિષ્ફળ જાય તો કાયદાકીય દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સહી/-
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

STATUTORY FORMS DETAILS

CST NO. : | | | | | | | | | | | |

QUARTER ENDING ON: | | | | |

NAME OF THE DEALER :

YEAR : | | | | |

STATUTORY FORMS RECEIVED:

Details of Form 'C' Received

| Sr. No. | Form No. | Sale Invoice No. | Invoice Date | Name of Purchaser | CST No. of Purchaser | Net Amount | Tax Amount | Total Amount |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | TOTAL | | | |

Details of Form 'F' Received

| Sr. No. | Form No. | consignment Invoice No. | Invoice Date | Name of consignee | CST No. of consignee | Net Amount |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | TOTAL | |

Details of Form 'E-I/E-II' Received

| Sr. No. | Form No. | Sale Invoice No. | Invoice Date | Name of Purchaser | CST No. of Purchaser | Net Amount | Tax Amount | Total Amount |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | TOTAL | | | |

Calculation for the statutory forms not received & amount paid

| Sr. No. | Type of Forms | Amount | Rate of Tax * | Amount of Tax | Amount Paid | Date |
|---|---|---|---|---|---|---|
| 1 | C | | | | | |
| 2 | F | | | | | |
| 3 | E-I / E-II | | | | | |
| | TOTAL | | | | | |

* Rate applicable under the local law